# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-02-2025 Day : Monday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પીએમ – પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના ભાગલપુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 19મો હપ્તો ખેડૂતોના ખાતામાં જમા કરાવ્યો. યોજનાના 9 કરોડ 80 લાખ લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં 22,700 કરોડ રૂપિયાથી વધુની સહાય રકમ સીધી જમા કરવામાં આવી હતી.

આ યોજના હેઠળ ગુજરાતના 51 લાખ 41 હજારથી વધુ ખેડૂત પરિવારોને રૂપિયા 1 હજાર 148 કરોડથી વધુની સહાય મળશે. આ કાર્યક્રમ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની છઠ્ઠી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ બિહારમાં ખેડૂતો સંબંધિત યોજનાઓ સહિત વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને લોકાર્પણ પણ કર્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ભુજ – જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહ

જિલ્લા મથક ભુજમાં આજે આર.ડી. વરસાણી સંકુલ ખાતે જિલ્લા કક્ષાની કિસાન સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. જેમાં કચ્છના 1.11 લાખથી વધુ ખેડૂતોને 25.43 કરોડની 19માં હપ્તાની રકમ સિધી બેંક ખાતામાં જમા કરાઈ હતી. ઉપરાંત કચ્છના કિસાનોને વિવિધ યોજના અંતર્ગત સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સમારોહ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાષ્ટ્રીય કક્ષાના અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાયું

હતું. કાર્યક્રમમાં સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા કલેકટર અમીત અરોરા, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કચ્છ સાંસદ વિનોદ ચાવડાએ આ મુજબ જણાવ્યું હતું....

(બાઈટ – વિનોદ ચાવડા)

---

## માંડવી – સ્થાપના દિન ઉજવણી

બંદરીય નગરી તરીકે પ્રખ્યાત માંડવી શહેરના સ્થાપના દિવસની આજે ઉજવણી થઇ રહી છે. આજે શહેરના સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. ધારાસભ્ય અનિરૂધ્ધ દવેએ શહેરીજનોને સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી. માંડવી શહેર તેની આગવી સંસ્કૃતિ, સુંદર અને સ્વચ્છ દરિયા કિનારો તેમજ તેના જહાજ ઉદ્યોગ, વિવિધ પ્રવાસન સ્થળો, વિન્ડફાર્મ, વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોના કારણે વિશ્વભરમાં પ્રખ્યાત છે.

---

## પોસ્ટ વિભાગ – જ્યોતિર્લિંગ પ્રસાદ સેવા

શિવરાત્રી પર્વ નિમિત્તે ભારતીય પોસ્ટ વિભાગે એક અનોખી સેવા શરૂ કરી છે. સોમનાથ, કાશી વિશ્વનાથ, મહાકાલેશ્વર મંદિરનો પ્રસાદ લોકો ઘેર બેઠા મંગાવી શકે તે માટે સ્પીડ પોસ્ટ દ્વારા સેવા પુરી પાડવામાં આવશે. ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, સોમનાથ ટ્રસ્ટે ભારતીય ટપાલ વિભાગ સાથે ભક્તોને તેમના ઘરે પ્રસાદ પહોંચાડવા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ કોઇ પણ ભક્ત રૂપિયા 270નો ઇ-મની ઓર્ડર સોમનાથ મંદિરના મેનેજરના નામથી મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. પ્રસાદમાં જ્યોર્તિલિંગની છબી, શિવચાલી, રૂદ્રાક્ષની માળા સહિતના પેકેટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

---

## કચ્છ – બોર્ડ પરીક્ષા માટે તંત્ર સજ્જ

રાજ્યમાં આગામી 27મી તારીખથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે. તે માટે દરેક જીલ્લાઓમાં તંત્ર અને શાળાઓ દ્વારા પૂરજોશમાં તેયારીઓ ચાલી રહી છે. ત્યારે ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાના પેપર અને પરીક્ષાનું સાહિત્ય રાજકોટથી બસ મારફતે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કચ્છ આવી પહોચ્યું હતું. જિલ્લાના પાંચ ઝોન લેવાનારી બોર્ડ પરીક્ષાના પ્રશ્નપત્રોને ચૂસ્ત સુરક્ષા વચ્ચે સ્ટોંગરૂમમાં સીલ કરાયા હતા. 54 પરીક્ષા કેન્દ્રો પર કુલ 40 હજાર 925 વિધાર્થીઓ બોર્ડ પરીક્ષા આપશે.

---

## હવામાન

ફેબ્રુઆરી મહિનામાં જ રાજ્યમાં ગરમીની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ માટે ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં ગરમી અને બફારા સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમી અને બફારા સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

---